# 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર' માટે મુંબઈ મેરથોનમાં ચાલતી આદિવાસી મિહલાઓએ મહિલા સશક્તિકરણનો સંદેશ આપ્યો

ટાટા મુંબઈ મેરથોન ૨૦૧૯માં એક ગ્રુપ સૌથી વધુ ધ્યાન ખેંચતું હતું, ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર વિસ્તારની ગ્રામીણ મહિલાઓ! આ મહિલાઓએ પ્રથમ જ વાર મુંબઈ જોયું હતું અને મેરેથોન ચાલી હતી. અતિશય પ્રતિકુળ સંજોગો સામે લડી સ્વનિર્ભર બનેલી આ મહિલાઓ **'શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર'**(**SRLC**) તરફથી મેરેથોનમાં મહિલા સશક્તિકરણના સંદેશ સાથે ચાલી રહી હતી. તેઓના આત્મવિશ્વાસનું કારણ હતું, **SRLC** એ તેમનામાં મૂકેલ ભરોસો અને તાલીમ. તેઓ **SRLC** ના એક કાર્યક્રમ **'શ્રીમદ્ રાજચંદ્ર મહિલા ગૃહ ઉદ્યોગ'**માં કામ કરે છે. પૂર્વે કંઈ ન આવડત નહોતી પણ અહીં તાલીમ પામી તેઓ આજે કાર્યકુશળ બની પોતાના પરિવારને આર્થિક મદદ કરી રહી છે. તેનું સમગ્ર શ્રેય તેઓ **SRLC**ને આપે છે. **SRLC** એ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના પ્રેમસભર માર્ગદર્શન હેઠળ વિશ્વભરના ૫૦થી વધુ શહેરોમાં કાર્યરત સમાજકલ્યાણકારી અભિયાન છે. તેના મહત્તમ પ્રયાસો દક્ષિણ ગુજરાતના ધરમપુર અને તેની આસપાસના વિસ્તારોની જરૂરિયાતમંદ પ્રજાનાં ઉત્કર્ષ માટે ચાલી રહ્યા છે.

૯ વર્ષથી મુંબઈ મેરેથોનમાં ભાગ લેતાં **SRLC**નું સૌથી અનોખું પાસું છે, સમાજકલ્યાણ અને વૈશ્વિક ઉત્કર્ષ પર સંદેશ સાથે એક કોસ્ચ્યુમ થીમ! આ વર્ષે **SRLC**ની થીમ હતી, **'Spinning the Yarn of Love and Care'.** મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષની ઉજવણી કરતી આ થીમ ચરખા પર આધારિત છે. ચરખાના આરા જ્યારે સંપીને ચાલે ત્યારે રૂની પૂણીમાંથી પણ સૂક્ષ્મ તાર નીકળે જે મજબૂત વસ્ત્રનું નિર્માણ કરી શકે. **SRLC** સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા પ્રેમ અને કાળજીની ભાવનાને કાંતી તેમાં બધાનો સમાવેશ કરી સમાજને સશક્ત બનાવી રહ્યું છે. મેરેથોનમાં ૧૦ ફૂટના એક મુખ્ય ચરખા સાથે ૧૦૦૦ થી વધુ સમર્થકો હાથમાં **SRLC**ની વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવતા ચરખા લઈને ચાલ્યા હતા. આ સમગ્ર ગ્રુપની મોખરે હતા, મહાત્મા ગાંધીજી અને તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી, જેઓ **SRLC**ના મુખ્ય પ્રેરણાસ્ત્રોત છે.વળી **SRLC**ની પર્યાવરણ સુરક્ષા સેવાના સમર્થનરૂપે બધાં જ પોશાકો અને પ્રોપ્સ ઈકો ફ્રેન્ડલી અને રીસાઈકલેબલ સામગ્રીમાંથી બનાવવામાં આવ્યા હતા. **SRLC**ને આ થીમ માટે **જૉગ રન ઈન કોસ્ચ્યુમ**નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

પ્રેમના તાણાવાણામાં જ્યારે સેવા અને રમતના રંગ ભળે ત્યારે બને એક અદ્ભૂત રંગીન વસ્ત્ર! **SRLC** ની એક પ્રતિભાશાળી યુવા સમર્થક છે, મીરા મહેતા. તેને ગ્રામીણ ભારતના લોકોની પરિસ્થિતિ અને અભાવગ્રસ્ત જીવન જોઈ તેણે તેઓ માટે કંઈ કરવાનો સંકલ્પ કર્યો. તે ૧૨ વર્ષની હતી ત્યારથી આ મેરેથોન સહિત તેણે રૂ.એક કરોડ એકત્ર કર્યા છે. તેની જેમ જ અન્ય યુવાનોની ભાવનાઓ અને શક્તિને યોગ્ય દિશામાં વાળવા તથા જીવનમાં હકારાત્મક અસર લાવવા પૂજ્ય ગુરુદેવશ્રીએ **'સાહેબજીસ ફુટબોલ ક્લબ'** ક્લબની પ્રેરણા કરી છે, જેમાં વિશ્વભરમાં ૬૦૦ સભ્યો સાથે ૪૮ ટીમો છે. સ્ફુર્તિથી થનગનતા આ યુવાનો રમત સાથે સામાજિક ઉત્કર્ષના કાર્યોમાં આનંદભેર ભાગ લે છે. એક જ વર્ષ પહેલાં સ્થપાયેલ આ ક્લબના તરવરાટભર્યા યુવાનોએ આ વર્ષે ટાટા મુંબઈ મેરેથોનમાં રૂ.એક કરોડની રકમ એકત્રિત કરી એ સાબિત કર્યું છે કે ઉત્થાનના કાર્યમાં સાથ આપવા વય, ધર્મ કે શિક્ષણના કોઈ બંધન નડતા નથી.

સેવાના રંગે રંગાયેલ **SRLC** ના એક સભ્ય છે, શ્રી સંજીવભાઈ શાહ - બેનેટ કોલમેન એન્ડ કં. લિ.ના એક્ઝીક્યુટીવ પ્રેસીડન્ટ કે જે કોર્પોરેટ દુનિયાની જવાબદારીઓથી વ્યસ્ત છે, તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની સમાજકલ્યાણની પવિત્ર ભાવનાઓથી આકર્ષિત થઈ, શરૂ કર્યું મુંબઈ મેરેથોન માટે ફંડ એકત્ર કરવાનું. પ્રથમ જ વાર આ કાર્યમાં જોડાયા હોવા છતાં અદમ્ય ઉત્સાહ અને ધગશથી તેઓ રૂ. એક કરોડ જેવી માતબર રકમ એકત્રિત કરી **'ચેન્જ લેજન્ડ'**નું બિરુદ પ્રાપ્ત કરવા જઈ રહ્યા છે.

આ વર્ષે **SRLC** એ વિવિધ સમાજકલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે રૂ.૪ કરોડથી વધુ ફંડ એકત્રિત કર્યું છે. ૨૦૧૧માં પ્રથમ સહભાગીતાથી જ આ વર્ષ સહિત દર વર્ષે તેને **'સૌથી વધુ ફંડ એકઠું કરનાર એનજીઓ'** અને **'સૌથી વધુ કોર્પોરેટ સમર્થન'**નું બિરુદ મળ્યું છે. આ વર્ષે વાયાકોમ ૧૮ મીડિયા પ્રા.લિ., લાર્સન અન્ડ ટુબ્રો, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બેંક ઓફ બરોડા સહિત ૨૭ કોર્પોરેટનું સમર્થન છે. આ સમર્થન કોર્પોરેટનો **SRLC** પ્રત્યેનો સબળ વિશ્વાસ દેખાડે છે કે **SRLC** તેના અભિયાનોને સફળતાપૂર્વક અમલ કરવા કટિબદ્ધ છે અને નિરંતર તે માટે કાર્ય કરે છે.

ટાટા મુંબઈ મેરથોન ૨૦૧૯માં એકઠું થયેલ સમગ્ર ફંડ દક્ષિણ ગુજરાતના વલસાડ તાલુકાના આદિવાસી વિસ્તારમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ, વિવિધલક્ષી ૨૫૦ પલંગની ક્ષમતા ધરાવતી **'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'**ના નિર્માણ માટે આપવામાં આવશે. આ હોસ્પિટલમાં જરૂરિયાતમંદોને નહીવત અથવા નિઃશુલ્ક દરે સારવાર અપાશે.

મહિલા સશક્તિકરણ, પ્રેમ, સેવા, રમત, શહેરી યુવાનો, ગ્રામીણ હોસ્પિટલ આ બધા તાંતણા એકમેકમાં ગૂંથાઈ એક સશક્ત અને સુખી સમાજનું નિર્માણ કરે, એ છે **SRLC** નું ધ્યેય.

વધુ માહિતી માટે www.srloveandcare
પ્રેસ માટે તથા વધુ માહિતી માટે સંપર્કઃ અલ્પા ગાંધી. ફોન : ૦૮૩૬૯૪૬૨૨૩
ઈ-મેઈલ : publicrelations@shrimadrajchandramission.org